Barcode - 99999990875961
Title - Ramdev Pirna Vivah
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 36
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9999999087596

# રામદેવ પીરના વિવાહ

માડી હરજીની આવળો, સગાળશા શેઠનું આખ્યાન.

કાચબા કાચબીનું ભજન.




શ્રી હરિહર પુસ્તકાલય ટાવર રોડ–સુરત

गुजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती ग्रंथालय विभाग ]

अनुक्रमांक २१६११ किंमत ०२.०.

ग्रंथनाम શાહદેવ રત્નમાળા વિચાર

तारीख [illegible]

# રામદેવ પીરના વિવાહ

# ભાઠી હરજીની સાવળો,

## સગાળશા શેઠનું આખ્યાન,

## કાચબા કાચબીનું ભજન

In. No. O. T.
1939

---

: પ્રકાશક :

શ્રી હરિહર પુસ્તકાલય

: : : : ટાવરરોડ : : : :

: : : : : સુરત : : : : :

---

છાપનાર : ગોવિન્દજી ડાહ્યાભાઇ નાયક, શ્રી અનાવિલ બંધુ પ્રિન્ટીંગ પ્રેસ, બરાનપુરી ભાગળ ભાજીવાળી પોળ, સુરત

આવૃત્તિ ૧ લી -- ૧૯૩૯ પ્રત ૨૨૦૦

---

કિંમત ૦-૨-૦

166

# રામદેવ પીરના વિવાહ

## ભાટી હરજીની સાવળો તથા ભજનો

વીરામારારે વિવાએ આવ્યાજી,
અને વડી મુરતે તેડાઈ અજમલરા.
પર ઉપકારરિ પરજન પાળણુ દેજી,
દ્વારકા નગરથી ધણી પધાયાજી;
પોઢયા પોઢણુ માંહીરે બાવા. વીરા૦ ૧

અજમલ ઘરે હુઇ વધાઇજી,
તો પીંગલગઢ પરણાયરે બાવા.
રાતે સુતીમે સ્વપ્નું લાધ્યુંજી,
અને લાધ્યુ સમરથ વાહરે બાવા. વીરા૦ ૨

વીરાજીનો વીવાહ રચીએજી,
ઉઠિ અને આણું આયાજી;
તો હળી વાત સુણાઇરે બ.વા. વીરા૦ ૩

સાસુરે વારો સસરો વરેજી,
વારે લોલ લોકાઇરે બાવા.
કહે સસરો તમે સાંભળ વહુ વર રાણીઆ,
તુમ એવે શુકન મત જાઓરે બાવા. વીરા૦ ૪

હાંદો રણુસિ પિતા અજેસિંહજી,
એની પરણ્યુ પીર ઈરે બાવા.
કુળમાં જન્મ્યારામદે કરણી ઘરજી,
તો શીહ રામદે સરખા ભાઈરે બાવા વીરા૦ ૫
પાટણમાં પઢીઆર વસેલાજી,
ને ઠાકર હીમર ઠાયરે બાવા.
ભર્યા જાઓરે ઠલા આવોજી,
તો ફેર ઠોર નહી પયરે બાવા. વીરા૦ ૬
ડાબા જમણા તીતર બોલેજી,
અને બોલે બોલે બીલાઈરે બાવા.
દુરંચા બાગમાં કોયલ બોલેજી,
તોયરે શુકન થયાં સવાઈરે બાવા. વીરા૦ ૭
પાટણથી પરવરી ચાલીયાજી,
અને દીધાં તે રથ ખોડ઼ીરે બાવા.
એક પલકમા પોકણ પાતાજી,
તો દીયો મારા વીરને વધાઈરે બાવા. વીરા૦ ૮
ફુલ મજુસના કાઢયાજી,
અને આરતીયુ ઉતારાઈરે બાવા.
પીઠ પાયક રામ બોલીયાજી,
તો મારી સુગણા બેન ભલે આઈરે બાવા. વીરા૦ ૯
પોકણથી પરવારી ચાલીયાજી,
અને દીધાં રથ ખોડાઈરે બાવા.

એક પલકમાં પીગળ પોતાજી,
તો લીયમા વીર વધાઇ બાવા વીરા૦ ૧૦

માધવડા મેં જાણ્યો નોતોજી,
તો મોત કહેથી આઇરે બાવા.
તુરશું સાંગે ગયું જ વારેજી,
તે સમરે નહી ઘર બાઇરે બાવા. વીરા૦ ૧૧

ચોથે આંટો ચોરીયે ફરતાજી,
અને બેનીએ રાગ સંભરાઇરે
પીઠ પાએક પી રામદે બોલીયાજી,
તો મારે ઘોડલે જીન કરાઇરે બાવા. વીરા૦ ૧૨

સોઢા ઉભા અરજ કાનીવેજી,
પીરનો ગુનો અમારો કાંઇરે બાવા.
પીઠ પાએક પીર રામદે બોલ્યાજી,
તો મારે ઘેર સુરાઇરે બાવા. વીરા૦ ૧૩

પીગળથી પરવરી ચાલીયાજી,
અને દીધો તે રથ બે બાઇરે બાવા,
અને દીયો મારી બેનને વધાઇરે બાવા. વીરા૦ ૧૪

વીર તણા વોરતીયા આવ્યાજી,
અને આવ્યા તે સમરથ સાઉરે બાવા.
કંકુ કેસરન બીરાજેજી,
અને શાખલીયા ચોડાઇરે બાવા. વીરા૦ ૧૫

લાખુ આવઇ લક્ષ્મી આવેજી,
અને આવે લોકા લોકાઇરે બાવા
પીંઠ પાએક પીર રામદે બોલ્યાજી,
તો થારા સગુણા બેન કેમન આઇ બાવા. વીર૦ ૧૬
છનછન નોબત વાગેજી,
અને સાહેલીઓ મંગળ ગાઈ કે બાવા.
પીંઠ પાએક પીર રામદે બોલ્યાજી,
તો માહી સગુણા બેન ભલે આઇરે બાવા. વીરા૦ ૧૭
સ્વપ્નમા મે હારલો લીધોજી,
અને માણેક મેલું થયરે બાવા.
એટો હીરો મને ખરો કરી દયોજી,
તો મારા રામદે સરખા ભાઈરે બાવા. વીરા૦ ૧૮
અને તેના બાય સ્થાપક આયાજી,
એ સ્વપ્ને સર્વ ગત જાયરે બાવા.
એ સ્વપ્નો તે જુઠો લીધોજી,
આ કેમ સાચો હોઇ જાયરે બાવા. વીરા૦ ૧૯
મોરે રામને કેડે બાઇજી,
અને આયા મંદિર માંયરે બાવા.
મામા મામા કરી મળ્યા ભાણેજાજી,
તો મામા કંઠે ગઇ મેડી માઇરે બાવા. વીરા૦ ૨૦
અમર પાઘડી વીરા તમારીજી,
અને અવિચળ રાજકરાઇરે બાવા.

રાણે આંગણે રમે બાળકોજી,
તો બેન બાર બોલાઈરે બાવા. વીરા૦ ૨૧
પિંગલ ઉછરંગ પોલક ઉછરંગજી,
અને ઉછરંગ પાટણ માંહીરે બાવા.
હરી ચરણે હરજી મેલ્યાજી.
તો દીયા આશીષ મીરાબાઈરે બાવા. વીરા૦ ૨૨

### ભાટી હરજીની રામદેવપીરની સાવળ.

જીરે બાપજી ભજન વિના મારી, ભુખ ન ભાગે હેજી,
સ્મરણ બિના મારી તલપ ન જાય;
અવરા દેવને હું નહિ યાચુરે, હેજી.
કૃપા કરીને રામદે દયાળ અજેમલ ઘેર અવતારધર્યો હેજીટેક.
જીરે બાપજી આદ જુગના અમર ફળ અરસહેજી,
અવતારણ રામો દીનદયાળ દુગ દારિદ્ર ટાળી સુખદેજોરેહેજી.
સેવક તણા રામો સદ રખવાળ,
અજમલ ઘેર અવતાર ધર્યો હેજી.
જીરે બાપજી મેં કુડા કે મેરા સતગુરૂ સાચા હેજી.
જનમો જનમના કાપ જાળ બની ઠની ગુરૂ વાટેને ઘાટે હેજી.
અજમલ ઘેર અવતાર ધર્યો હેજી. ૩
જીરે બાપજી પાંખ વિના પંખી કેમ ઉડશેજી,
જળ વિના મછીયાના કોણ હવાલ, ૪
રાજ વિનાની કોણ ગતી મેરી હોજી.
લખપતી રામો સદા રખવાળ,
અજમલ ઘેરે અવતાર ધર્યો હોજી. ૫

જીરે બાપજી મેં ગોરીને મહારાજ મળીયા હેજી,
મળીયારે માલાની જારી દરી ચરણે બાહી હરજી બોલ્યા હેજી,
રામદે પીર મને પડછો દેખાડો,
અજમલ ઘેર અવતાર ધર્યો હેજી.

## સાવળ ૨ જી.

ચડો ચડો અજમલ રામા એક વાર ઘોડલે જીન ધરો.
પીરજી દ્વારકા રોકાઇ રહ્યા રામો દ્વારકા રોકાઇ રહ્યા,
તરે મારવાડ દેશમાં વખો પડયો હોજી,
ઘડ દિલ્લીથી ચડયો બાદશાહ ગામ રણુજા ઘેર ઘાલ્યો ચ.
કોણ કુંવારી ભોમ ભણીને રામા કુંવરની આણ ફરે ચ.
અજમલજીની ભોમ ભણીને રામા કુંવરની આણ ફરે ચ.
લીલુડા નેજા તોડ દીયે ગળીયેલ નેજા રોપ દીયા ચ.
ગામ રણુજામાં ગાય વેધાણુ લાલ દેવરા રગચડે ચ.
માતા મીલણદે રૂદન કરે છે તારા મોદીખાના બંધ હુવા ચ.
કોરો કોરો કાગળ લખે બાહી હરજી, વધ્યા પંડિતની સાહી પડે
દ્વારકાથી પીર રામદે ચડીયા, ચપો કુપો એની વારે ચડયા,
ગઢ ગીરનારથી ગોરખ ચડીયા, ચોરાશી સિદ્ધ એનીવારે ચડયા
મેવાડમેથી મલીનનાથ ચડીયા, બાવન વીર એનીવારે ચડયા
આબુ ગઢથી કુંભો રાણો ચડીયા, ચોસઠ જોગણીએનીવારેચડયા
એક ગેબરી માલે જે જુનું બાદશાહના તંબુડા તોડ દીયા ચ.
ઝેઠ બાદશાહ ઉપર ઢાળીયો તે હંસલો રમણ કરે ચ.

ઉભી ઉભી હુરા અરજ કરે છે હીંદવા બાદશાહને છોડી દીયો
દીલી શહેરમાં દેવળ ચણાવું, ઘેરઘેર રામના જાપ જપે ચ.
સવા લાખની દેગ ચડાવું સવા લાખનું છતર ચડે. ચ.
આદ ઉગારો સેવક તમારો, હુંજો ધણી મે વનટીયા ચ.
કરી ચરણે બાહી હુરજી બોલ્યા, સહાય ધણીમારી સંગે રમ્યા.

## સાવણ ૩ જી.

આવો મારા નકળંગી શ્યામ, નીજાનીરે હોજી.
અમરૂ સ્વામ સંતુરો તારણ ભક્ત આધારણ ભારી.
તમે આવો મારા રામદેવજી નીજારીરે હોજી;
અજમલ ઘરે અવતારીરે, હોજી. તમે૦

ચડીયા સરૂસાદ સલુણા પર, તપીયા તપ તપ કરારીરે હોજી.
હોય નરસિંહ રાખે વણ ડુબતા ઉતારી,
તમે આવો મારા રામદેવજી, નીજારીરે હોજી. તમે૦

અશરી સેઘુણ લુણ રીમસરી, ફરક રે ગીરધારીરે હોજી.
દ્રડ રમતા તો દેવ વીધારો ઉજડ ભોમી વરમાઈ. તમે૦

બુડતા વાણ વાણીયો સમરે, ઉભી રામ પોકારીરે હોજી.
ચોપાટે રમત ભુજા પસારી રામા ખેંચલીયો કર ઝાલી,
તમે આવો મારા નકળંગા નેજાધારી, રે હોજી.
સવારથી સાથરે સુતો રામા રૂદન કરે નરનારી હોજી.
કરી હેલા હાજર કરી વીના, રામા રમવા હુવા તૈયારી ત૦

## સાવળ ૪ થી.

ગુણુ વખાણું અતિ ભારી અલકારા, ગુણુ વખાણું અતિ ભારીરે.
સંકટ કાપો સહાય માગુ નકળંગી નામજ ધારી ટેક.
પહેલો પરચો રામે દુધનો પુર્યો, ઉકળતી દેગ ઠારીરે હોજી.
દીનોનાથ જ્યારે ભુવન પધાર્યો, પછી મંદીરે પધાર્યા મોરારી અ.
રામદે પીર જ્યારે પલંગે પોઢયા, ભેગા વીરમદે ભાઇરે હોજી.
માત પીતાના મન હરખાણા, ઘેર ઘેર બાંધી વધાઇ અલક;
સુવેલો વાછડો જીવાડયો રામદેવ, વેળણુ ગાય દોવરાવીરે હોજી.
એની સજનાના સંકટ કાપ્યા દાળદે લીધા ઉગારી. અલક૦
પળે પળે પીર રામદેને સમરૂ ઉપજે અલક અવતારીરે હોજી.
ગુરૂ પ્રતાપે બોલ્યા ભાટી હરજી, ધણી ધર્યો નેજા ધારી અ૦

## સાવળ પ મી.

જીલા જાડેજી બની જાવને હુશીયાર. રે.
મારી ઓજડીઆ અજજલના રામા આવજો હેજી.
તમે હાંકો લીલાને વહેલા આવજોરે હોજી.
પશ્ચિમ ધરામાં રામો પીર પ્રગટયા હોજી. મારી૦

પરચો દીધો વાણુંની મોઝારરે—મારા હાંકેમ લીલાને.
મધરે દરીયામાં બેડી લાગી બુડવારેજી,
આવો આવો કાંઇ વાણીયાની વારરે— મારી૦

પારસ નાથને પોકારે પેલો, વાણીયોરેજી—
પારસ નાવે તેની પાસરે— મારી૦

રામદે ને વીરાદે રમતા સોગઠેરેજી.
જાવું જાવું કાંઇ વાણીયાની વ્હારેરે— મારી૦
લીલુડા પલાણ રામદેએ માંડીયારે હેજી.
બુડતા તાર્યા એવા વાણીઆના વહાણરે— મારી૦
ઝેરના કટોરા રાણાજી મોકલેરે હેજી.
દેજો દેજો મીરાંબાઇને હાથરે-તમે૦ મારી૦
એતો અમૃત કરી પી ગયાં હેજી,
આવ્યા છે કાંઇ અમીના ઓડકારરે— મારી૦
નરસઇયાની નિંદા માંડીરે હેજી,
હારતો આવ્યો સભાના મોઝારરે. મારી૦
લાખા ગૃહમાં પુર્યા પાંડવોરે હેજી,
હાર્યો હાર્યો હસ્તનપુરમાં રાજરે, મારી૦
પત્રીકા લખીમે રામા પીરને મોકલીરે હેજી,
વાંચી વાંચી આવો વારરે. મારી૦
દ્વારકામાં પથરા ભાંગ્યા કોલવોરે હેજી,
દેવળ ફેરવી દીધા છે દેદારરે. મારી૦
ગુરૂને પ્રતાપે હરજી ભાટી બોલીયોરે હેજી,
દેજો દેજો સાધુ ચરણમાં વાસરે,

## સાવળ ૬ ઠી.

વાગે ભડાકા ભારી ભજનના, વાગે ભડાકા ભારીરે હેજી,
બાર બીજના ધણીને સમરૂ, નકળંગી નેજા ધારી, ભજ૦

૨૧૬૧૧

ચરૂવરાજાને અમ્મર સ્થાપ્યે, પ્રહેલાદ ઉગાર્યો પડકારીરે હેજી,
સંધ્યાળે દૈત્ય સહાર્યો હરિ એ નોર વધારી.
તારાદેનું સત રાખવા, માળી થયા છે મોરારીરે હેજી,
માલે રૂપાના હેરણા હેર્યા, આરાધે મોજડીયું ઉતારી. ભજ૦
તોળીએ ત્રણ પુરૂષ તાર્યા, જેસલ ધરડાની નારીરે હેજી;
સુધનવાના નામ પ્રતાપ, ઉકળતા કઢા કડા ઠરીરે. ભજ૦
પલે પલે પીર રામદેને સમરો, છછે અલક અવતારીરે હોજી,
હરી ચરણે બાઠી હરજી બોલ્યા, ધની ધાર્યા નેજાધારી ભજ૦

## સાવળ ૭ મી.

તારો ભરોસો મને ભારી અજમલ તારો ભરોસો મને ભારીરેજી,
ભાગ્ય બડા જેને ભગવત મળીયા, રામો કુંવર નેજાધારી અજ.
મંજારીનાં બાલ બચ્ચાં ઉગાર્યાં બળતી અગ્નિ માંયરેજી,
ભક્ત પ્રહુલાદની પ્રનમાં પાળી, માર્યો હિરણ્યકંશરાય અજ.
કૌરવો પાંડવ ભારથ રચ્યું, આવ્યા છે માર મારીરેજી,
ટીટોડીના બચ્ચાંને ઈંડાં ઉગાર્યાં પ્રગટ પરચે ભારી. અજ.
ગીરધારીએ ગામ ગોકુળ વસાવ્યું, પરમની ગયો ચારીરેજી,
પેસી પાતાળ કાળાનાગ નાથયો પ્રગટ રચો આપી. અજ.
ગિરિ ગોવર્ધન કરમાં ધાર્યો, ઇંદ્રનો મદ ઉતાર્યોરેજી,
વાસુદેવ દેવકીનું દુઃખજ ટાળવા, મામા કંસને માર્યો. અજ.
ગજગજ જ્યારે હુવા પ્યાસ, ચાલ્યા સરોવરમાંયરેજી;
જઇ જઇ બહાલે ઝુંપને માર્યો ઉગાર્યો ગજરાય, અજ.

સેન ભગતના સંશય મટ્યા આપે બન્યા હરિ નાઇયેણી,
દોઇકા જોડીમા હરીજી બોલ્યા અમીરસ વાણી, અજ.

## દલા વાણીયાની રામદેપીરની સાવળ.

અરજ સાંભળો રણુજાના રાય,
હુકમ કરી તો પીર જાતરાઉ થાય;
મારી અરજ સાંભળોજી. મારી અરજ૦
ગુજરાતી વાણીયો જાત્રાએ જાય,
માલ દેખીને ચોર વાંસે થાય. મારી અરજ૦
જાડી જાડી ઝાડીયુ, વસમી વાટ,
બે જણા વાણીયાને ચોરો થયા સાથ. મારી અરજ૦
ઉંચા ઉંચા ડુંગરા વચમાં, ખોપ;
મારી નાંખ્યો વાણીયો ને માલ, લઇ ગયા ચોર. મારી અરજ૦
ઉભી ઉભી અબળા કરે, પોકાર,
સોગઠે રમતાં પીરને ગયો છે અવાજ. મારી અરજ૦
લીલુડો ઘોડો હાથમાં તીર,
વાણિયાની વારે આવ્યા રામદેપીર. મારી અરજ૦
ઉઠ ઉઠ વાણિયણ ધડ માથું જોડ,
ત્રણ ભુવનમાંથી, શોધી લાવું ચોર. મારી અરજ૦
કહું છુ ચોર તમે, કેટલેક જાઓ;
વાણિયાનો માલ તમે કેટલા દહાડા ખાવ. મારી અરજ૦
આંખે કરૂ આંધળો દીલે કાઢું કોઢ;
દુનીયા જાણે આ તો રામાપીરનો ચોર. મારી અરજ૦

ાચ દલુ વાણિયોને ભક્ષી રાખી ટેક.
ણુંજા શહેરમાં વાણિયે પેરી લીધો ભેખ. મારી અરજ૦

### ભજન.

આદનાથ ગુણપતજીને સમરૂ, સરસતી કહામાંઇ હેહેજી.
નીત ઉઠે કવરતવચાને સીમરે, તો ભુલને શાચ બતાઇ.
ટેક—બાપજી આરાદે, ધણી આઇ હેહેજી.

કર હંસલે અસવારી ચનદાતા, આરાદે પીર આઇ હેહેજી.
માતા મેણાદે પીતા અજમાલજી, વડા વીરમદે બાઇહેહેજી.
બાળનાથરોકેવ જે બાળકો તો સીરપર હાથ ધરાઇ બાપજી. ૨
કુલા ને કપટી લોભી લાલચુ, જમલા મેમતી ભુલાઇ હેહેજી.
ભણ કુડીયાંસે મારેકેડી સગાઇ, દાતા પાપીયાંરો પલો છુડાઇ. ૩
ભેર વરાહસને રામ મારીયો, જુનોડી ભોમ વસાઇ હેહેજી.
કારકુંડને દૈત ગાડાગો તો, બજરમલા સરકાઇ બાપજી. ૪
ગામ રણુ જે ધામ ધણીયારા, પેરસે જ્યાં રીસકૂળકમાઇ હેહેજી.
પરરચ જકે પરમપદ પાયા તો, ભુલાને રાહે બતાઇ બાપજી ૫
સદા નામ શ્રીરામજી મળીયાગમાના ભારથી ગોળબાઇ હારોજી.
ગોપાળભારથી સરણામે બોલે, વારા બાંનારા બીરદ સંભાઇ. ૬

### ભજન.

અબ તુમ દયા કરો શ્રી રામદેજી, અજમલકે કેવાને વલે. ટેક.
અજમલ તેરા ધ્યાન લગાયા, સમદરમે દરસન પાયા.
વચનારા બાંધા આયાજી મેણાકે, લગાને વાલે અબ.

ઘેડા રોટાલ ગયા ગુરૂ, બાળીનાથજી પાયા,
ભેરવા રાકસ માર હટાયા, જુની લોમ વચાને વાલે અમ. ૨
નાવ બાએ તારી તારી સમદરમે, ભએ વધારી.
મીસરીકી કરદી ખારી એસા હાંબુ ચુકાને વલે અમ. ૩
ચોરી મુગણુદે બાઈ વો, પીગળગઢ પરણુઈ.
રતનારાયકાને જેલ છોડાઈ, એસા વેવાઈ કહાને વાલે અમ. ૪
ઘર ધારૂરે આયા બાઈ રૂપાને, જમલે બોલાયા.
રાવળ માલદેજી ખડક ઉઠયા, થાળીમે બાગ રચાને વાલે અમ. ૫
કેતાક સંત ઓધરીયા તેરા, જુગ જુગ સીમરણુ કરીયા.
ગોકળદાસ ગુણુ થેરા ગાયારે, લેખરો ટેક રાખને વાલે અમ. ૬

## ભજન.

રામાકુંવર રઘુવંશીરે રાજાને, કરણીકરે, સીમરો કીરતાર હાંહાંગ.
દસમીરણીદીનમાસ ભાદરવોતો, અગીયારસઆવેલીયો અવતાર
અગીયારસ આવે લીયો અવતાર હો ટેર રૂકીરેણુ રામદેજ.
મીયાંએલાં રૂકીરેણુરા રામદેવ મલીયાને, પીર અવતારયોરેહું.
માતા મેણાદેરા પુર્યામહોવરા અજમાલજી, રીબાવેપુરીઉ આશ.
મેણુ બાગેને ટુરયા મારા જાતો ગઢપોકણુ આવે લીયો.
અવતાર રૂકી. ૨
સુવાચંદણુને સોનું સોળસું સતીયે, સજીયા સેળે સણુગાર.
મોતીમેવારા થાળ તો પીરસીયા, તો ઘરઘર વરતી જે.
મંગળાચાર રૂકી. ૩
ઢેલ નગારાને નોબત વાજે બીના ઝાલર બાજે ઝણુકાર.

નીકળંગી વાજા પીરાં ગેબી, વાજે તો ગાવે માબળને.
વધાવે તેનો બાળ રૂડી. ૪

એડી તો હેને બાવો બટમે પધારીયાને, ગાયાતણાં હરહુવાગોવાળ.
હાથ કરજોડ વીરમદેજી બોલે તો, રાંમાંકંવરથે ઉતારો માને
પાર રૂડી. ૫

ભજન.

પારણામે આવે મારા પ્રેમ પ્રભુ, પોઢીત્યાંહે તો હાલરીયાજીયોટેર.
હલરાયા રમતા રામદેરણું જામે, આયાહા પીરજી.
પોકણગઢ પધારીયા ત્યાંહાં. ૧

આ પીરજી જલમીયાજદે આલમ, જાણીયો હે.
તો ફુર રહી આણુ હુવાજી જીઓ, રમતા. ૨

માતા મેણાદે જ્યાંરા પીતા, અજમલજી હે.
તો રાણી નેતલદે, વર પાયા જીઓ, રમતા. ૩

વખમી વેળા તો રામા વાણીયાને, તારીયો હે.
તો હડયે રમતાં દઈયતને, મારીયો જીઓ, રમત. ૪

રાકસ મારે ને રામા ભોમકા, વસ઼ઇ હે
તો પીરજી મોતીડે, વધાયા જીઓ, રમત. ૫

ઘરે ઘરૂરે ઘરેજમલો જગાયો હે.
તો બાઈ રૂપાને વાચક, આયા જીઓ રમત. ૬

એંચને ખડક રાવળ માલજી કોપીયા હે.
તો થાળીમાંવ બાગ લગાયા જીઓ, રમત. ૭

ભાઈ સુગણારાંમે સોગ ભગાવીયા, હે તો મુવેલા બાળ
જીવયા જીઓ રમત. ૮

હરરાચરણાંમે ભાટી હરજીજી બોલીયા હે.
તો ચરણામે શીશ નમાયા જીઓ, રમત. ૯

ભજન.

ચ્યાંનને તો ધ્યાંનરી ગાંઠડી લે આયા હો બાવાજીઅણુનું અરા;
આગેમતી બોલો માન જરા મારા, વીરારે હૈયાં માંયલ';
હીરા હો બાવજી ટેક. ૧

હાથમે દીવલીયો નુગરાંને ચાંદ્રણો, નહી સુજે હો બાવાજી
ગરૂમમ દીવો લે આયા સોજો મારા વીર. ૨

ભાંગરા પીધેલારી નુગરારી તરસના નહી ભાંગી હો બાવાજી
ઓ દારૂરો પીધેલા મત, હીણો મારા વીરા. ૩

નેણાંરે આંજણીયે હારે કુપલે મત રીજો હો બાવાજી
આ પરનારી મોયેલા પરળે જાવે મારા વીરા. ૪

નવરાંરાં ટીકાય તણાઓ રામદેજી બાલે હો બાવાજી
આયો ડા અપસરાયે હે, મતી ભુલો મારા વીરા. ૫

ભજન.

બોંસ દેવરાવુ હે હરરે ભુરકી ચાણરી ખીરતો રંધાવુ હે
પેલાજી માડાં હે મારા. ૧

સામને સુગણાં દેરા વીરા હે....ટેર....હાલો હર રીસેયા
હે જાવો દેવળે.

રાજા રાંમદે વધાવાંહે ભાઇ હાલો હર રીસેયા હે.
ભાઈ જોયા મહરીયા મે જોયા માળીયા જોયા રાજ દરબારે હે

ભાઈ જોયા વાડીમાં હે જોયા બાગમે જોયા હાટ બજારાં હે.
ભાઈ વાટવરા ઉડા હે વીર વીન્વું સત્ર રામદે બતાવો હે.
કીયે એ લાણુ હો હરને ઓળખું કીયે નેણ અણુસારે હે ૩
માથે પચરંગીયે હરે મોળીયો ગળે મોહનમાળા હે.
ચેળ ગેડીયો હે હરરે હાથમે જોયા દહીયે રમત હે...૪
અણુરણું જારી ભોમમે સેયાં મંગળ ગાયા હે.
ભાઈ અરજ કરે ને હે હરજી બોલીયા લીલે નારલેવધાયા. ૫

## ભજન

રાણીધરા અમર નેમ લીધા જદુણીઆ વારના.
અજર રાખને વસતાં દીની જ્યાં દનકા વણનાર. રાણી. ૧
ટેર ગુરાંસેપર તીનરાંગો એસી ગુરાંસે પરતીત રાખો ચાર જુગરી રાય.
પાળો અલખ ગરા પય પુજો પુજ્યાં પારખ પડે.
સીધ રામદે સાચી ભણે હાં એ હાં.........
રાણી એક જોગી જુગાં પેહલે મારા પ્રેમ ગરૂરે પાસ.
ઉધે મસ્તક ઝુલત જ્યાંને નીજ્યા ધમરી આસ, રાણી. ૨
જાણુ સતીયાંગો નેમ લીધા જ્યારે ધરણુ હુંદા ભાર.
ઈંદ્રરે ધરે આરાકા રાણુ ભેટીયા દેની જાર. રાણી. ૩
રાણી કોડ કુંજર કનક ભરીયા લોમ દાન પચાસરે.
અતરો દાન ગંગાજી અળપો તોય નીજ્યા ધમમહકાર. ૪
રાણી લાખ હીરાને કોડ મોતી પદમ કોડ પચાસરે.
અતરો દાન પોહણુજી અળપો તોય, નીજ્યા ધમ હદકાર ૫

રાણી કાગ બગલે રોળ માંડો અલખ વાણી ઓચરે.
પારકા પરીયાણા પુછો ઘર મંદર તાળા જડે રાણી
પઢોરમાં લખો નામા સંત સારા સાંભળે.
અમર હીરો હાથ આયોજ કે ભુલા કયુ ફરે રાણી

---

## ભજન

પીરજી ઓ દેવી તો સમરૂ એ સારદા હોજી પરાં ગુણ
લાગુ પાહા
ભુખ્યાને ભોજન આલજો હોજી, પીરાં તરસ્યાને પાણી પાહા
ટેર... મેજુબાળે હું આવશાં હોજી, આસાં મેતો સત્ક ધણી
કરમાર જુગતીસું જ મલો જગાવ સાંહા
પીરજીયો અણુરણુંઆરારે મારગે હોજી પીરા ઝીણી ઉડે ગુલા
ભગમાં સંતારા ઘુગડાં હોજી, પીરા નીરમળ જયારી દેહ મે
પીરજી હે અણુઝુઆરારે મારગે હોજી પીરાં સંતઉતરીયા અ
પાણુત હડણુ રામદે રે જી પીર મેહા મંગળીયો માલ
પીરજીહો અણુઝુઆળીરી થળ વચ્ચે હોજી પીરાં ઝુલે
અસવ
લીલે ઘેડે એ હંસલો હોજી માથે રામા કુંવર અસવાર.
પીરજીહો આજ ધણી દીશે ધુધળો હેજી પીરા ક
કાઠોરો વુઠો
હરચરણમે હરજી ભાળે હોજી પીરાં દુધે વુઠો મેઘ

## ભજન

પાંચ પીર મુલતાન મુલક રાજા વેતો હીંદવાંને મળવા આયજી.
ટેક....ધન બાવાજી મારા સૈંયાજી આદ પીરતો મુસલમાનજી.
હીંદવા પીર નવ દેખ્યાજી આદ પીર તો મુસલમાનજી. ધન ૧
સવા હાથકી જાજમ બીછાઈજી, તુમ બેઠોની સગ સૈંયાજી. ૨
એક બેઠા દોય બેઠા, પાંચ ફકીરજી ધન. ૩
સવા શેરકી દેગ ચઢાઈજી નાંચ ઓચી ચોખા ચાવલજી. ૪
પેલો કે મારે ઘેવર લાડુજી દુજારે છુટા ચુરમાજી ધન. ૫
તીજો કે મારે લ.વો લાફસીજી, ચોથારે સેવ સુંવાળીજી ૬
પાંચમો કે મારે ઉજળાં ચોખાજી, છઠુંરે ઠંડા ટુકડાજી ૭
મોરાકે ભાઈ વાસણ આપણાજી, વાસણ મકકે મદીનેજી. ૮
રામા પીર ધણી ભુજ પસારીજી એક પલમે વાસણલાયાજી ૯
એક હાથ મુલતાન મુલકમેજી દુજો મકકે મદીનેજી ૧૦
ઝોળી ઝંડા પવન પાવડીજી એક પલમે હાજર કરદીયાજી ૧૧
બડા પીગંબર બોલેજી આપ હીંદવા પીર તુમ સાચાજી ૧૨

## ભજન.

### હરજી ભાટીને રામદેવજી મળ્યાની નીશાની.

પેલારે પરેચ ગરૂ પરસીયે હાં રજીમે મળ્યારે રેમાની
હરજી કેને રહેતો મારીયે હાં મુખડે મીઠી વાણી ટેક. ૧
વારીઓ વારીઓ મારા સાહેબા હાં થાં પર કાયા ખુરબાંણી
સંતરો હેરો હાના સાંભળો હાં છોડયા દુધ જળ પાણી
કળજુગ આયો રામા કોરે રાખો હાં એઠાં.

કણુ રોકે વીજે હરજી બાળકો હાં કરણી અજીયા ચરાવે
અહીંયા લાગી રેમાં ને અંત ઘણી હાં થોડો દુધ પીલાવે વારીયો
છછ મહીનઃ રાચારૂંબા કરાંહાં નઈ કોઇ ફળી કેવી ચાંણી
પીરજી કીયોંમાંને દુધરે હાં મુખડે નારે કે વણી વારીયો
ચીપી કાઢી હે દામા સતરસમી હાં મન સાથે મંજાણી
હરજી હોયણુંને હાલી આગે અજીયા સમાંણી વારીયે ૪
ચીપી ભરલાયા હરજી દુધનીહાં માંય થોડી મીસરી ભીલાણી;
હેત કરતે હરજીને ધાંમીયોહાં કાયમ હરૂણા આંણી વારીઓ
જેઠ અસડાં રતાવ તાડાં સુકી કઠ નીર વાણી;
તરસ લાગીરે માને અંત ઘણી હાં થોડો માને પણી પીરાવો ૬
જેઠ ખવે ને રવી તપે હાં સુકા સરોવર પાણી,
પારજી કીયો અહી શો હાં પોચાં કોસાપર ઘાણું વારીઓ ૭
ઘોરે ચડને હરજી આવીયો હાં સુકા સરોવરીએ પાણી;
મુખ ધોયા ને કરભાગીયા હાં સુજી પરમ પીરાણું વારીઓ ૮
લીલો ઘોડાને ટોપે અણુડો હાં તુરરે તારા રૂઝારી,
કે તો દીસે જગરો ભોમીયો હા નાતો આપ અવતારી વારીઓ
અવઘટ ગાકી મેંહરજી મુઆવાયો હો એક મારી વાત વીરાંણી
જુની ઘાટીરો મારગ વાતરો હાં આતો મારી ભોમ અજાણી ૧૦
અસંમ જુગાંરાબાપજી ભોમીયા હાં નઇ થારી ભોમ અજાણી
હેત કરેને હરજી ઓળખ્યા હાં સાચા સાળગ પ્રાણું વારીઓ
સાથે ચાલે તો હરજી હેચાલું હાં હરૂં મારા હંસલા રેહાણી
સોરોરાખું મારા જીવજ્યું હાં થને ચાહું નરવાણી વારીઓ

સેલીસીંગને ઝંઝરકંથા હા નેજેને નીસાંણી;
હરચરણુણામે હરજી બોલ્યા હાં પીરજી મળયારી નીસાંણી.

## ભજન.

પીરજી હો સીંધુ નગારા હેવાજી પીરાંવાજે રહીગણુવા
બાચો મીર સંઘડી તણો હોજી અ.શે ઘેરી રણું નરી ગાય-ટેક.
બંધવા છોડાવો પીરાં ગાયાં તણા હેજી ઉભી મેતો રામ
સરોવર પાળ બંધવા છોડાવો પીરાં રાવળા પેજી
પીવજી હોય વઉવાં સારી હે વીનવે હોજી માંરા સસરા સુનો
જાગથાં જાગ્યા મારા શરજ સરે હોજી માંગ તો દુઃખ જાવે ભાગ
પીરજી હો દેવરાને લાખી વચે હોજી પીરાં ઉઠ રહી ગડતાળ
ચુરવી સીમાડા હે લાગીયા હે જી પીરાં બાંધે હેગ્યા હેગોવાળ
પીરજી હો સુતાયે સુખભર પોઢીઇ જી થાને અમવટની હઅપાર
અમજાગો અજમાલજીરા હે જી પીરાં અસુર એકીયો અનીયાવ
પીરજી હો ભળહળ ભડાભાણ કયા હોજી ઉઠયા રાંમો રજ
કુંવાર પાણુકડબુ રાંમદે હોજી મેડા મંગળાયો ને માલ બપ
પીરજી હો સીંઘડીમેથાં ન ચાંપીયા હોજી પીરાં ઘુમી રહ્યો મે
કાય અનવી અસુરની માવીમા હોજી પીરાં પગે લગાયા પાય
પીરજી હો ઘરગર થાન અલેખગ હોજી પીરાં ઘરઘર મંગળા
ચાર હરચરણાંમે હુરજી ભણે હોજી મારે સદા કુંવરજી રીસયા

## ભજન.

આદકી ઉતપત કુંણુહે મદર કેરા ગાજ કુંણુ હે
વેદ કેરા મંત્ર સાધુડાં કુંણુહે રક્ષા

ભાઈ પુછો પુરા પંડતાંને તેડાવો જાણીયા જોશીડારે ભાઈ ૧

નેમરા ગરૂ કુંણ હે રહા હાં હાં એ હાં

ભાઈ જમી કેરી જાત કુંણહે સત પ્રથવીકા રૂપ કુંહેર

પાણી કેરા બીજ સાધુડા કુંણ હે રે હા પુછો.

ભાઈ સંતકી એકસાર કુંણહે સારમાયકી ધાર કુંણ હે

ધારમે એક ધીરપ ચખે વો નીરજન કુંણહે રહાં પુછો.

ભાઈ નાથજી કાલીંગ કુંણહે ભગ્તાંનીકા ભંગ કુંણ હે

ભંગમે એક જોતાં જાગી વેતો દેવીયાં કુંણહે રહાં પુછો.

ભાઈ કતવારીકા વીતર કુંણ હે વાંઝણીકા પુતર કુંણ હે

સુતરણાધે જુઠ બોલે વો તો નુગરો કુંણ હે રહાં પુછો.

ભાઈ કળજુગી કરતુક કુંણ હે મેઘડીકા વરણ કુંણ હે

બોલીયા સીત રામદેહ અવતાર સાધુડા સાજયાં મળે હા પુછો.

## ભજન.

થળવટેમે થાંત પીગંરા થપાણોજી.

જ્યાં રોપડછો પરદેશાંમાંઇ હો મારાજા.

દાદરણ સાઝબારા પીતા અજમાલજી હોજી

જ્યાં રાવડા પીરમદે ભાઇ હો મારાજા–પુરા

પુર સરાંમા પાર ઉતારો સદા રામ માંને સરણું મે રાખો,

હીંદવા કુંવર બેડી પાર ઉતારો હેજી.

વચન કોલ શું વાણીયો ચાલીયો હોજી,

વણજ કીયો ઘણો ભારીહો મારાજા.

ચોપટ રમતાં ધણી ભુંજાયા પસારી હોજી,
એવો તારવીયો વેપારી હો મારાજા—પુરા
વીનતો હાહારો લાછડીયો મરેલો હોજી,
એવી મુવે વાછડીયે કલમાણી ગાય.
હાડ ગુડ જ્યાં શરખીયે ચાધા હોજી,
જ્યાંરી ખાલડી આંગણીયે સુકાઈહો મારાજા—પુરા
વડીરે ભોજાઈથારી અન ખણી હાહો,
લીધાં દાતણી ચારી નેમ હો મારાજા—પુરા
ધર અવતાર લીયો કીણ કાર હોજી,
થે તો પહદે પીરાયાં ખેલોહો મારાજા—પુરા
અમર ડોરહો ધણી હાથ રભાયો હેજી,
ઓથે ચામડો ને ચડૌ લગાયેહો મારાજા—પુરા
ઉઠને વાછડીયો ધાવણને લાગો હેજી,
એવો પીરજીયે પરચો બતાવ્યો હો મારાજા—પુરા
ઉઠો ને ભાભીજી ગાવંતરી ને મેળો હોજી,
થે તો દાતણ કરને દીચાં મન લઈ.
હરચરણે ભાટી હરજી બોલ હોજી,
વેતો અમર હુવા કુળરેતાઈ હો મારાજા—પુરા

ભજન.

અઠ દફુડીથી ચઢે બાદસાંક એવેરણું જા ઘેર લીયા હોજી,
કીયા ઠાકરરો ગામ રણુંજે કીયા કુંવરની આંણ ફરે હેજી,
અજમાલજીરો ગામ રણુંજોને રાંમાં કુંવરરી આંણ ફરે હેજી.

ગાંમ રણુજારી ઝાડી કપાવેને બાદશારા તંબુ ખડાકીયા હે જી,
કોરા કોરા કાગદ લખે ભાટી હરજી વજો પંડત પરમાંણા લખે હો.
વજે પંડત તાંસાંની કીધીને લાલ દેવળો લખે લીયો હો.
ઉડતા પરમાણુ વાંચે રાંમદે ચઢ ચઢો પીર વેગે ચઢો હો,
આયનો દ્વવારકાં મેરમેરીયા ને તુરકાદાંદે રાજા હવો હો.
મીર બાકરા ઘણા વડીજે ને ગાયારે, ગાળા પડે હે જી.
ચઢો ચઢોને હીંદ વાણીરો સુરા એકવાર ઘોડલે ઝીણપરો હો.
આપતો રામદે વેગા પધારોને મક્કરા પ્યાલ તો ફેરીયા હો.
મેવાનગરથી ચઢે માલદે જમણી ભુજા મેડતીયો ચઢે હો.
સતાદીપસે ચઢે બવાની બાવન ભેરવ લાર ચઢે હો.
પાવાગુઢથી ચઢે કાળકને ચોસઠ જોગણ ગપર બરે હો.
સો સો ઘોડે ચડે રાંમદે સાંપો કુંપો સાથ ચઢે હો.
એમ ગેબરા છુટે ભડાકા બાદશારા તંબુ ઝડે પડે હો.
આવે બાદ સારો પલંગ હાનીયો માથે લીલુ ડાનકરકરે હો.
હેઠે બાદશા ઉપર ઢોલીયો કરમાં ઉભી અલા જપે હો.
અલ ખુદા થારાનેટ કરોને બીબી રામાકુંવર રાજય જપો હો.
હુમકેતો જીવતા છોડોબાપજી મુકાીયોની આવું થારાદેશમાં હો.
કવડીઆળેને કરી પડાવું પડીયે ડા દેવળ ફેર ચણું હો.
ગઢ દલડીમે થાન થપાવું ને ઘમ, ઘર નેજા ખડા કરૂ હો.
આઠ અગીયારસ મેળો ભરાવુ દીન ઉગતારી નીમણુકરૂં હો.
સો રૂપીયાંરો છતર ચઢાવું સવાલાખરી ડેગ કરૂં હો.
હરચરણ ભાટી હરજી બોલીયા એવાં, એવી રમતો રામીરમે હો.

## ભજન

પીરાં પછમરારે માંય પીરજીરા થાંનજ હે પીરાં ચઢ ટેર.
એ મારારણુજારા રાવ હહુંમાન થારે આગેહીરે પીરાંચઢઓમારા
નીલુડે અસવાર સાધાંરી રાંગા અરજ સુણે.
પીરાં ચઢીબા ઘોડે અસવાર થરહર તો માતા ધરણી કરે.
પીરાં મોતીડા તપેરે લલાટ તુરરેતો માથે ભગહુગ કરે.
પીરાં ચઢીયો માના દેશરા દીવાણુ કળીંગ ઉપર દળ લે ચઢે.
પરાચરણે અમારી રાણો લાજ હરજી તો ભાટી અરજ કરે.

## ભજન

આ કુપંથ ઉથાપે નર ઓછા, ધવળ પગરી ધુંસ કરે હેહે.
એનો કરણીરા કુડા અપરાધીરે, હાંદરસણુકીયાંમાનેહોઆચઢે ટેર.
કુડાજ કે સહાયરારે કુડા સાચા, મનને સોચ કરેરે ભાઇ.
બનકીયાં જયારી ભ્રાંતીની ભાગી માતા કીયાં જયાંને મકરચઢે કુડ.
પાટમાંડને ભેગા હોય બેઠા ડગલબાજપર, મોહ કરે ભાઇ.
સાંરે પાસે ગરૂ શીશ મંઆવે કરણીરા હીણાં ગરૂ આપ કરે.
આ ગણુકાજ કરે નર આંધા, રેણુગળે જયું રૂદન કરેરે ભાઇ.
કાયમે દીવલીયો દહાડે નઇ દેખે દેખ દેખ તડા કુહુવે પડે.
આડારે પાહાડ અડી ખંભા ઉભા નમણુરી દરગા નહી નમણુ
કરેરે ભાઇ.
ગરૂજીરી ગાદીતે પાયનહી લાગે જયાંને તો સામીરાજાકેમમળે.
એક મારા ભાઇડાઓછાને હળવા જયાં સુતોમનમારોઘણોડરે.
હરજી કહે આપે અળગારે સકળ સુગરથ કરણીસે સંત તરે.

## ભજન

રણુજારે વાણીયો હલ્યો સમદરા, જાયરે જ્યાંને સામા મળીયા.
રાંમદે જયાંને લળેને લાગુ હોજી, લળેને લાગુ પાયેરે.
હળેને લાગુ પાય.

બીઠ પડે તો વાણીયા મને હેલો મારે હોજી 1
આયો સમદરાંરી તીરરે નાવણવાળાં નાવડા થારી નાવઓરેરે જી
નાવઓ લેરી લાવોરે નાવઓ લેરી લાવરે મે બાડુદે સાના
વરો ઉતારો પેલે હોજી. ૨

ઉતારો પેલે પારરે ભાઇ ભતરીજા આપણાં વે બેઠા નાવા હોજી.
બેઠા નાવરે માંયરે નાવણવાળે નાવ હલાઈ વે ઉતર્યા પેલે હોજી.
ઉતર્યા પેલે પારરે હીરલા મ.ણેક વણ જ્યા જાણે હુંડી વણજી હોજી,
હુંડીવણજીલાલરે વણજ કર પાછો ફર્યો વો આયો સમદરાં.
સમદરાં તીરરે નાવણનાળાના વડા થારી નાવ ઓલેરિ હોજી.
નાવ ઓલેરા લાવ મે ભાદેથાં નાવરા ઉતારા પેલે હોજી
ઉતારો પેલે પરરે.

ભાઈ ભતરીજા આપણા વે બેઠ નવાં હોજી બેઠા નાવરે માંયરે.
બડધે દરીયે આવીયા જ્યાંરી ડોલણ લાગી હોજી ૫
ડોલણ લાગી નાવરે મામામાતા સમરીયા પણ કોઇની આયે,
કોઇની આયો બેલરે ભુલેચુકે વાણીરેલીયો પીરાંરો હોજી.
લીયો પીરાંરા નામરે વડા વીરમદે છોટા રાંમદે રમતા ચોપાટ
રમતા ચોપાટ દાવરે ચોપટ રમતાં ભુજાપછારી તારી વાંણીયારી
તરી વાણીયારી નાતરે કેવો વીરમદે સુણો રાંમદેએ દરીયાવરા

એ દરીયાવરા ફેણુરે કેવે રાંમદે આવે વાણીયો વાતો કરસે
વાતાં કરસે આયરે આહોચઢાય દઉ દેવળેળેને આદો પીરારે
આદો પીરાંદે નામરે કુવો ખોદાઇ દઉ મોકળો ને સરવર બાંધુ
સરવર બાંધુ પાળરે દેવળ ચણાય દઉં દીપતો ને ઉપર ઇંડા
ઉપર ઇંડા ચઢવુંરે હુરચરણે ભાટી હુરજી બોલે મેળો રણુજો
મેળો રણુજે માંપરે પાણીયારીરા ઝુલણા મેરા રણુજો હોજી

## ભજન.

થારો ભરોંસો ભારી અજમાલન થારો ભરોસો મને ભારીરે
ભાગ ભલા જેને રાંમદેવજી મળીયા રાંમોકુંવર નેજા ધારી
મંઝારીના વાલે બચ્ચા ઉગાર્યા બળતી અગન માંઇએ હેહેજી
ભક્ત પ્રેલાદની પ્રતગા પાળી મર્યે હરણાકંસ રાઇ
કૌરવ પાંડવનું ભારથ રચીયું આપ્યા છે માર મારીરે
ટીટોડીના વાલે બચ્ચા ઉગાર્યા પ્રગટ પડછો ભારી
ગીરધારીરે ગામ ગોકુળ વસાવ્યું ગોપાળ બનીને ગાયાચારીરે
પેસી પાતાળ કાળીનાગજ નાથ્યો પુરણ પડછા ભારી
ગીરી ગોર્વધન કરમા ધાર્યો ઇન્દ્રનો મદ ઉતારીરે હેહેજી.
વાસુદેવ દેવકીનુ દુખ ટાળવા મામા કંસને મારી.
ગજરાજ જયારે હુવા પ્યાસા ચાલ્યા સરોવર માંયરે હેહેજી.
જળમાં જઇ વાલે ઝુડને માર્યો, ઉગાર્યો ગજરાય.
સેન ભગતના સંસે ટાળ્યા આપ બન્યા હુરનાઇરે હેહેજી.
હાથ કરજોડે ભાટી હુરજી બોલે તો ગુણ પીરાંના ગાઇ.

## રામદેવ પીરના વીવાહ સમાપ્ત

# સગાળશા શેઠનું આખ્યાન

શેઠ સગાળશા સાધુને સેવે વાણીઓ પાળે વ્રત
ન મળ્યા સાધુ ને રહ્યા અપવાસી તારવાને આવ્યા તરત.
કૃષ્ણજી કોઢીયો થઇનેરે વેશ અતિતનો લઇનેરે,
ચંગાવતીએ ચણાંઆન લીધાં નવરાવીને નાથ,
પલંગ ઉપર પધરાવીને સ્વામી કીધા સગાથ;
આંતે ભોજન ખીરનાં કીધાંરે પીરસીને આગળ દીધાં.
ખીરરોટલી અમે જમતા નથી, નથી અન્નનો અહાર,
માણસ લોક અમે માંસના અહારી, એમ બોલ્યા કીરતાર.
બાવો વચન બોલ્યા બધુ સમજી લેજો સાધુ,
કસાઇવાડે જઇ કરીને છુપાવી લાવ્યા માંસ,
ચંગાવતીએ રસોઇઓ સુધારી પીરસીયો પરસાદ;
વાયુ ઢાળે નરને નારીરે, જમો તમે દેવમોરારીરે.
અમેરે મોટી માણસની જમીએ પર મોટી ન ખાર,
અઘોર પંથમાં રહેવું, એક ખાંડાની ધાર;
વાણીડાં વર્તજ ફળશેરે, આવી અવીનાશી મળશે,
માંગ્યું વેચાતી માણુસ ન મળે, હૈએથી નહી હાર;
માત પીતાએ પરીણામ કીધાં ટલૈયો સંહાર.
વાતો તો રહેશે વિવેક, ટેલયો બાલને લેખે;
બણતો તો ભાગ્ય ટલૈયા, મન હમારી પ્રતીત,
માતા પીતા તારા મારવા બેઠા, આંગણે આવ્યો અતિત.

ધુતારો ધુતીને જાશેરે પાછળથી પસ્તાવો થાશેરે.
એ શું બોલ્યા ગુરૂજી અમારા માવીતર છોડયા કેમ જાય
નવ માસ જેને ઉદર રાખ્યો ગુણ ઓશીગણ થાય
ભક્તિ મારી શીરને સાટેરે શું થાએ મસ્તક માટે
હું જાણું તો ભોમી લાજે ભોરીં ના ઝીલે ભાર
મેરૂ સરીખા ડોલવા લાગે આકાશને આધાર.
મેરુગમણ મઝા ના મુકેરે કેસેયો સત્ય નચુકે
રુજારે લઇને ત્યાંથી કેલઇયો આવ્યા પોતાને અવાસ;
માત એ સુખનાં મીઠડા લીધાં નાખીને નિસ્વાસ;
આવતો હરમા દીલોર મારવાનો પરીણામ કીધો
એ શું બોલ્યા માતાજી અમારાં નાખી નીસાસો
સફળ મનગો કેલઇયાનો માંસ જમે મહારાજ
ધન્ય ધન્ય આજનો દહાડોરે જુગનેથી જીવાને જમાડો
માત પિતાએ જને મળીને છેદ્યું કેલઇયાનું શીષ,
ગણુગટતી તો એણે કીધી, જમાડ્યા જગદીશ
ખેલ રચ્યો છે ભારોરે પ્રભુ હવે પારાણું કરો
નાથ કહે મારી નજરે લાવો, પુત્ર તમારો છે એહ.
મુરતકની તમને માયા લાગી છે, એમ અવીનાશી કહે
તમે છો નરને નારીરે જુવો મન વાત વિચારીરે.
ખાંડણું ખાડો સુખેથી હસો, કોરા પાલવ પેર,
આંખોમાં તમે અંજણું આંજો, મનમાં ન આણો મહેર
તમે છો સાચા સતીરે એમ બોલ્યા જુના જતિ,

મસ્તક લઇ ખાંડણીમાં ખાંડે પિતાને વળી માય
આંખોમાં તમને આંસુ ન આવે, હરખે હાલરડાં ગાય,

ભોજનીઆં તો ભાવશું કીધાંરે, પીરસીને આગળ દીધાં
સત્યવાદી તમે સાચાં સતી, સત્ય અમારે છે એક,
વાંઝીયાનું અમે જમતા નથી, એવું અવિનાશી કહે.
તમે છો નરને નારી, જુઓ મન વાત વીચારી.
સગાળશાના મનમાં ચોરી બીજુ ન મળે બાળ,
ભગવાન અહીંથી ભુખ્યા જાય તો નિશ્ચે ખુટ્યો કાળ.

બંદગીઓ તો સંતની કરીએ, નીકર વણુ માગી મરીએ,
સગાળશા કહે પુર્વ જન્મનાં પ્રગટયાં અમારાં પાપ,
ગુરૂ કુભાએ ગોતરો માર્યો, મારેલા માને બાપ.
ડુંગરાંયે દવ લગાડયો, તેં તો મારો ખેલ બગાડયો;
ચંગાવતી કહે પાંચ મહીનાનું મારે છે ઓધાન,
ભલે આવ્યા સ્વામી ભાવે, અમારે તમ સરખું કામ.
ઘણો મેં તો તમને ધાર્યોરે, તમે મારા ખેલ સુધાર્યા.
ચંગાવતીએ છરી લીધી, પાળી મારી પેટ માંહ્ય,
અચાનક નાઠા ઉઠીને, બહુનામીએ ઝાલી બાંહ્ય.
સાચી છે ટેક તમારી, માગો કહે દેવમોરારી,
કેલઇયાને સજીવન કીધો, બેઠો રમે છે બહાર,
પછી સતી બોલ્યાં વિચારી, ભુદર દેજો ભક્તિ તમારી;

ભણતો ભણતો આવ્યો કેલઈયો, લાગ્યો હરિને પાય;
માતાએ મોતીડે વધાવ્યો, હૈડે હરખ ન માય.
દાતારે તો દર્શન દીધાંરે, લ્હાવો લાખેણા લીધા,
શગાળશા શેઠ ચંગાવતીએ એવું ધરાવેલું નામ;
ભાણ પ્રતાપે ભણે રતનદાસ, તેને તરછોડીએ કેમ.
મોહનજી મળવાને માટેરે, જાવું છે વૈકુંઠની વાટે.

---

## કાચબા કાચબીનું ભજન

કાચબો અને કાચબી, એ તો હતા ઉંડરીનાં દાસ,
દરશન કારણે બારણે આવ્યાં રાખીને વિશ્વાસ,
આવતાં નજરે ભાળ્યાં, ઝાલીને બાંધી માર્યો;
કળકળમાં તું કાચબીને ભુંડી, રામઇયાની રીત છે રૂડી
કાચબો કહે છે કાચબીને ભુંડી તું ધારણ રાખ ધીર,
આપણને ઉગારશે વહેલો જુગત જાદવ વીર.
ચિંતા મેલી શરણે આવો, મારવા નહિ દે આવો રે
વારે વારે તુને વારતી કથ મારૂં ન માન્યું કેણ.
કોણ આવ્યો કોણ રાખશે તમે નીચાં શું ઢાળો નેણ
પ્રભુ તારો નાવીયો પ્રાણી માથે આવી મોત નીશાની,
અબળાને ઇતબાર ન આવે, કરે કોટી ઉપાય,
કીધું ન માને કોઈનું ગાયું પોતાનું ગાય.
એવી વિશ્વાસની વાણી પ્રથમ પહેલી મત છે પાની ૪

ચણી કહે કયાં ગયો તારો રાખણ વાલો રામ.
ણ ગયા પછી પહોચસે શું કરશે તારો રામ;
ના હાણુ મતી મુઝાતી તુટયા પછી ઝાલવું તાણી ૫
હમજી ત્રણ લોકમાં મારે તારો વિશ્વાસ,
ટક પડે ત્યારે આવજો મારા આતમના આધાર ૬
ગઆળની વાત છે હેલી થાજો અગનાના બેલી
યારે કાચણી કહે કોણ ઉગારે તારો જાતો રહ્યો જગદીશ
ાર દીવસથી સળગાવીઆ, લઈને ગોળી વીચોવીચ;
આમાંથી જો ઉગરીએ પાણી બહાર પગ ન ભરીએ ૭
ળતી હોયતો બેસ મારી પીઠ પર રાખું પ્રાણ
ીખા કર છે મારા નાથની તો મારે છે મુજને બાણ
ાલો મારો આવશે તારૂ આપણને તારવા સારૂ ૮
ાચણી કહે કરતાર ન આવ્યા અને આપણો આવ્યો અંત
કરી નથી કોના હાથમાં તમે તે શું બાંધ્યો તંત
જેનો વિશ્વાસ છે તારે તેનો ઇતબાર નથી મારે ૯
વીઠુલજી મારી વારે ચઢજો શામળ કરજો સહાય
લાજ લોપાસે લોકમાં પછી બીજી કોની વાર
હરી મારી હાંસી થાશે પ્રભુ તારી પતીત જાશે ૧૦
ત્યારે કેશવજીએ કરૂણા કરી મોકલ્યા મેઘ મલાર;
આવાણમાંથી ઉગારીયા ઓલ્યા કાચણાને કીરતાર
ભોજલ કહે ભરૂસો જેને શ્રીકૃષ્ણજી તારસે તેને

**સમાપ્ત**

ખરીદો ! કળીયુગમાં કલ્પદ્રુમ ન્હોય તે પહેલો !

આધી વ્યાધી અને દ્વારીદ્રનો નાશ કરી સુખસંપત્તી આપનાર કામધેનુરૂપ અત્યંત ચમત્કારી તાવીજ જેવું પુસ્તક.

# નવ ગ્રહ વિધાન

માં સૂર્યનો પાઠ, સૂર્ય કવચ, મંગળનો પાઠ, મંગળની કથા, બુધનો પાઠ, બુધનો મંત્ર, બ્રહસ્પતીનો પાઠ, બ્રહસ્પતી નામાવલી, શુક્રનો મંત્ર, શુક્રનો પાઠ, શુક્રનો સ્તોત, શનિનો પાઠ, શનિનો મંત્ર, રાહુનું પૂજન તથા દાન ને કેતુનું પૂજન, સ્તોત્ર, પાઠ વિગેરે નવે ગ્રહની સંપૂર્ણ પૂજન પાઠ દાન, જપ વિગેરે આપ્યા છે.

*** છતાં મૂલ્ય માત્ર પોસ્ટેજ સાથે બાર આના. ***

આ પુસ્તકમાંની દરેક વસ્તુ ફળદાતા છે એનું શ્રદ્ધાપૂર્વક પાઠ કરવાથી ઇચ્છીત ફળની પ્રાપ્તી થઇ દરેક મનકામના સીદ્ધ થાય છે માત્ર પુસ્તક પણ પાસે રહેવાથી એક ચમત્કારીક તાવીજની ગરજ સારી મનુષ્યને સર્વ સંકટથી મુક્ત કરી સુખી સંપત્તીવાન બનાવે

---

ખાસ મહાદેવના ભક્તો માટે બહાર પડી ચુકી છે.

—: : અત્યાર સુધી જે પુસ્તક મળતું જ નહિ હતું તે : :—

# * સોળ સોમવારની કથા *

કથા, મહાત્મ, પુજાનો વીધી, આરતી, સતી સીમંતીનુ આખ્યાન વીગેરે પુરેપુરૂં સમજાવ્યું છે, તદ્દન સહેલામાં સહેલી ભાષાનું આ પુસ્તક છે; છતાં કીંમત માત્ર પાંચ આના. દરેક મહાદેવજીના ભક્તોએ ખાસ આ પુસ્તક રાખવું જ જોઇએ.

**શ્રી હરિહર પુસ્તકાલય, ટાવર રોડ—સુરત.**